# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT KHEDUT SAHAY

રાજ્યમાં જુલાઈથી સપ્ટેમ્બર મહિનામાં વરસાદના કારણે અસરગ્રસ્ત થયેલા ખેડૂતોને એક હજાર 732 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, ખેડૂતો માટે જાહેર કરાયેલા બે રાહત ભંડોળ અંતર્ગત દોઢ મહિનામાં 7 લાખ 15 હજારથી વધુ ખેડૂતોને એક હજાર 732 કરોડ રૂપિયાથી વધુની સહાય રકમ સીધા તેમના બૅન્ક ખાતામાં જમા કરાવવામાં આવી છે. આ રીતે ગત પાંચ વર્ષમાં રાજ્યના 38 લાખ 98 હજારથી વધુ ખેડૂતોને 6 હજાર 204 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી હોવાનું પણ કૃષિમંત્રીએ ઉમેર્યું હતું.

# GANDHINAGAR TB TEAM VISIT

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ જગ્યાઓ પર આરોગ્ય શિબિર યોજી ક્ષય રોગના દર્દીઓની ચકાસણી કરવામાં આવી રહી છે. તેમની આ કામગીરી જોવા કેન્દ્રીય ક્ષય વિભાગની ટુકડીએ આજે ગાંધીનગર સેક્ટર 24 આંગણવાડીની મુલાકાત લીધી હતી. દરમિયાન કેન્દ્રીય ટુકડીએ ક્ષય રોગ સામે ચાલી રહેલા 100 દિવસની ઝૂંબેશ અંતર્ગત થતી કામગીરી અંગે જરૂરી સૂચનો પણ આપ્યા હતા. આ અંગે

ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી કલ્પેશ ગોસ્વામીએ વધુ માહિતી આપી હતી.

**(બાઈટ: કલ્પેશ ગોસ્વામી, આરોગ્ય અધિકારી, GMC)**

# VASANT PARESH PASSES AWAY

રાજ્યના ખ્યાતનામ હાસ્ય કલાકાર વસંત પરેશનું 70 વર્ષની વયે અવસાન થયું છે. તેમણે હાસ્ય કલાકારોના જગતમાં પોતાની આગવી ઓળખ બનાવી હતી. જામનગર સહિત દેશભરમાં તેમણે લોકોને મનોરંજન પૂરું પાડ્યું હતું.

# PANCHMAHAL ATS

ગુજરાત આતંકવાદ વિરોધી દળ- ATSએ પાકિસ્તાનમાં 25 દિવસ રોકાઈને આવેલા ગોધરાના 2 ભાઈઓની અટકાયત કરી છે. પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, ગુપ્તચર સંસ્થાને આ બંને ભાઈઓ પર શંકા જતાં ATSની ટુકડીએ તેમની અને અન્ય એક અટકાયેત કરાયેલા શંકાસ્પદ વ્યક્તિની પૂછપરછ કરી તેનો અહેવાલ ગુપ્તચર સંસ્થાને સોંપ્યો હતો.

# PANCHMAHAL ANAJ KAUBHAND

પંચમહાલ જિલ્લામાં પૂરવઠા વિભાગે 73 બનાવટી રાશનકાર્ડ ધારકોના નામે સરકારી અનાજનું બારોબાર વેચાણ કરવાનું કૌભાંડ પકડી

પાડ્યું છે. પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, ‘આઠ ફેબ્રુઆરી 2024એ ગોધરાણી ધી નવયુગ ગ્રાહક સહકારી મંડળી લિમિટેડની રાહતદરના અનાજની દુકાન પર પૂરવઠા વિભાગની ટુકડીએ તપાસ કરી હતી. દરમિયાન 73 બનાવટી રાશનકાર્ડ મળ્યા હતા. આ રાશનકાર્ડના આધારે સરકારી અનાજનું વેચાણ થતું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

પૂરવઠા વિભાગે 2011થી જાન્યુઆરી 2024 સુધીમાં મળવાપાત્ર અનાજની બજાર ભાવ કરતા બમણી કિંમત 2 કરોડ 84 લાખ 37 હજાર 507 રૂપિયા વસૂલવા બદલ મંડળીના સંચાલકને નૉટિસ પણ આપી છે.

# DAMAN/ DIV MUKTI DIVAS

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં શહીદ સ્મારક ખાતે આજે મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દરમિયાન દીવના કલેક્ટર, જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કર્મચારીઓ તથા સેનાના જવાનોએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. દીવના કલેક્ટર રાહુલ દેવ બુરાએ ઉપસ્થિત લોકોને દમણ-દીવ અને ગોવાને કઈ રીતે આઝાદી મળી અને કેટલા જવાનોએ બલિદાન આપ્યું તે અંગે જાણકારી આપી હતી.

આ તરફ દમણમાં મુક્તિ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં નાયબ કલેક્ટર આરતી અગ્રવાલે આઝાદીના લડવૈયાઓનું સન્માન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ-દીવ અને ગોવા રાજ્ય વર્ષ 1961ના આજના દિવસે પોર્ટુગીઝના શાસનમાંથી મુક્ત થયું હતું.

# TRAIN DIVERT

પશ્ચિમ રેલવે વિભાગની આવતીકાલની વડનગરથી દોડતી વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ આંશિક પરિવર્તિત માર્ગ કલોલ-ખોડિયાર થઈને જશે. અમદાવાદ-પાલનપુર વિભાગના ઝૂલાસણ-કલોલ મથક વચ્ચે આવેલા બ્રિજ પર કામ ચાલી રહ્યું છે, જેના કારણે આ ટ્રેન કલોલ-ગાંધીનગર કેપિટેલ-ખોડિયારની જગ્યાએ પરિવર્તિત માર્ગ પર દોડશે અને ગાંધીનગર કેપિટલ મથક નહીં જાય.

આ સમયગાળા દરમિયાન મુસાફરોની સુવિધા માટે આ ટ્રેનને કલોલ મથક પર 2 મિનિટનું વધારાનું સ્ટૉપેજ પણ અપાયું હોવાનું પશ્ચિમ રેલવે વિભાગે યાદીમાં જણાવાયું છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)